## અમદાવાદના મહે. 10માં જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં,

## મુ. નવરંગપુરા, જી. અમદાવાદ (ગ્રામ્ય)

ફોજદારી કેસ નંબર - 5630/2023

આંક -

ફરિયાદી - શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપીઓ - (1) હરેશભાઈ નર્સીંગભાઈ ચૌધરી
(2) સંભુપ્રસદ કૂર્જીભાઈ લક્કાડ

**ગુનો : - જુગારધારા ની કલમ 12 મુજબ**

**-: હુ ક મ :-**

[1] ફરિયાદપક્ષે આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ - 12 મુજબ ના ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

[2] આરોપીઓ ને ધોરણસર સમન્સ ની બજવણી થતા તેઓ કોટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરિયાદ અને દસ્તાવેજી નકલ આપી, આ ગુનો સ્વેચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પૂર્શિષ રજૂ કરતા, આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ સ્વેચ્છાપૂર્વક ગુના ની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમ જ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનું જણાવે છે. ફરિયાદપક્ષે રજૂ ફરિયાદ, આરોપીઓ ની કબુલાત, આરોપીઓની આર્થિક અને સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકુમ કરવામાં આવે છે.

## -: આ ખ રી   હુ ક મ :-

આરોપીઓને ફોજદારી કર્યારિતી સંહિતા ની કલમ-252 અન્વયે જુગારધારા કાયદા ની કલમ 12 મુજબના ગુનામાં  તકસીરવાન ઠરાવી, આરોપી દીઠ રૂ. 100/- એટલે કે કુલ રૂ. (100 x 2 = 200/-) (આંકે રૂપિયા બસો પુરા) નો દંડ ની સજા ફરમાવવામાં આવે છે તથા આરોપીઓઓને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. અને જો કોઈ આરોપીઓ દંડની રકમ ના ભરે તો આરોપીઓને દિન 1 ની સાદી કેદની સજા ભોગવવાનો હુકુમ કરવામાં આવે છે. આ કામે મુદામાલ અંગે જો કોઈ હુકુમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવાનો હુકુમ કરવામાં આવે છે અને બાકી રહેલ બિનકિંમતી મુદામાલ અપીલ સમય બાદ, ક્રિમિનલ મેન્યુઅલ ની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકુમ કરવામાં આવે છે તથા કિંમતી મુદામાલ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકુમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. 09/12/2023 ના રોજ લોક અદાલત / સ્પેશિયલ સીટીમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ- 09/12/2023

અમદાવાદ (ગ્રામ્ય)

**(આદિત્ય રાજેશભાઈ ગોર)**

UIC No. GJ01709

સમા એડી. જ્યુડી. મેજી. ફ. ક.

અમદાવાદ (ગ્રામ્ય)